જનસહાયક ટ્રસ્ટ

Price : ₹ 10.00
Annual Subscription : ₹ 100.00

હીરામણિ જિજ્ઞાસા

HIRAMANI JIGYASA

વર્ષ : ૭ Year : 7 | અંક : ૪૬ Vol. : 46 | સળંગ અંક : ૮૨ Conti. Vol. : 86 | મે : ૨૦૨૨ May : 2022

તંત્રી : ભગવતભાઈ અમીન

Editor : Bhagavatbhai Amin

150 Restaurants Across the Globe

INDIA USA UK UAE AUSTRALIA NEWZEALAND CANADA

Saffron™
AUTHENTIC CUISINE FROM SOUTH

Sankalp®
The Taste of South

Sam's PIZZA

Franchise Inquiries Solicited

Corporate Office: Sankalp Square, Drive in Road Gurukul,Ahmedabad-380052
PH.: 40710000 / 27499300/400, E.: info@sankalponline.com Web:www.sankalponline.com

વર્ષ : 7 સળંગ અંક : 82
મે, 2022

★ દર માસની દસમી તારીખે આ માસિક પ્રસિદ્ધ થાય છે.

★ તંત્રી : ભગવતભાઈ અમીન

★ સંપાદક મંડળ
નરહરિભાઈ અમીન
પ્રમુખ : જનસહાયક ટ્રસ્ટ
નીતાબેન અમીન
ઉપપ્રમુખ : જનસહાયક ટ્રસ્ટ
રમેશભાઈ સી. પટેલ
મંત્રી : જનસહાયક ટ્રસ્ટ

★ વિતરણ વ્યવસ્થા
પ્રિ.નીતા શર્મા, પ્રિ. ગુંજન શાહ
પ્રિ. પીનાક્ષી વડોદરિયા, પ્રિ. ગુંજન શિવાલકર

★ લીગલ એડ્વાઈઝર
પંકજભાઈ ઠાકોર (C.A.)
સૌરભભાઈ અમીન (Advocate)

★ વાર્ષિક લવાજમ : ₹ 100/-

★ અંકની છૂટક કિંમત : ₹ 10/-

★ પ્રકાશક : *ભગવતભાઈ અમીન*

For Correspondence

HIRAMANI SCHOOL
Opp. Nirma University,
S.G. Highway, At Chharodi,
Post - Chandlodia,
Ahmedabad-382481
: હીરામણિ સ્કૂલ ફોન નંબર :
(02717)242505-242606
www.hiramanischools.org
enquiry@hiramanischools.org

★

આ અંકમાં પ્રસિદ્ધ થતા લેખોના વિચાર સાથે તંત્રી / સંપાદક / પ્રકાશક સંમત છે તેમ માનવું નહીં.

★

મુદ્રક
ભાવિક પબ્લિકેશન પ્રા. લિ.
ઉમિયા કેમ્પસ સામે, એસ. જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-382481

હીરામણિ જિજ્ઞાસા

(શિક્ષણ – સાહિત્ય – સંસ્કૃતિ)

અનુક્રમણિકા

ક્રમ	લેખ	લેખક	પા. નં.
1.	પલાયનવાદ V/S વાસ્તવવાદ	શ્રી ભગવત અમીન	04
2.	કર્મનો સિદ્ધાંત	સં. ડૉ.ગુંજનભાઈ શાહ	05
3.	ભાસ્કરાચાર્ય	સં. શ્રી ભરતભાઈ પટેલ	06
4.	દિન મહિમા ડિસેમ્બર માસ	સં. શ્રી સોનલબેન ગીડા	07
5.	પ્રેરણાદાયી પ્રસંગો	શ્રી દિનેશભાઈ પંડ્યા	08
6.	"સ્વસ્થ જીવન સરળ અને સચોટ ઉપાય"	શ્રી સુષ્માબેન પટેલ	09
7.	પાણીની ગતિ	શ્રી કે.સી.વ્યાસ	10
8.	1G થી 5G આત્મમંથન	શ્રી કેતનભાઈ ભટ્ટ	11
9.	"પૂર્વા અને દાદા"- ૯	શ્રી પ્રકાશ ગજ્જર	12
10.	"આપણે વડીલ થતાં શીખીએ" "વર્તમાનમાં જીવીએ"	શ્રી સોનલબેન ગીડા	15
11.	Which is the oldest game in the world?	Mrs. Neeta Sharma	21
12.	Know The Swiss Army Knife	Mrs. Pinakshi Vadodariya	24
13.	Teacher	Mrs. Gunjan Shivalker	26
14.	Unbelievable Facts About The World To Make You Seem Cultured	Ketan Bhatt	27
15.	Importance Of Exam	Monika Chauhan	29
16.	Mathematician Aryabhata	Parshva Shah	31
17.	The Story Of Amazon.com	Aarti Lakum	32
18.	"Inclination Towards Career Choices"	Dr. Sunita Girdhar	34

પલાયનવાદ V/S વાસ્તવવાદ

– શ્રી ભગવત અમીન
તંત્રી, હીરામણિ જિજ્ઞાસા

મે ૨૦૨૨ : અંક-૮૨

પહેલાં આપણે પલાયનવાદને સમજવા પ્રયત્ન કરીએ. પલાયન થવું એટલે ખસી જવું, કે જતાં રહેવું. માણસ માનસિક અને શારીરિક એમ બે રીતે પલાયન થઈ શકે છે.

વિગતે સમજીએ તો કોઈ સમસ્યા આવતી દેખાય એટલે આપણે તેનો સામનો કરવાને બદલે રસ્તો બદલી નાંખીએ તેને પલાયન થયા કહેવાય.

દા.ત. કોઈ કર્મચારી બે દિવસની રજા લઈ ઘરે જાય છે. ત્રીજા દિવસે તેણે ફરજ ઉપર હાજર થવાનું હોય પરંતુ તે ત્રીજા દિવસે હાજર થવાં માંગતો હોય, પરંતુ બોસ નો ફોન આવશે કે તમારી બે રજાઓ પૂરી થઈ ગઈ છે, છતાં હાજર નથી થયા ? તો આનો જવાબ ના આપવો પડે માટે આ કર્મચારી પોતાનો ફોન બંધ કરી દેશે, જેથી બોસને, વધારાની રજા માટે જવાબ આપવાનું ટાળી શકાય. આવી વૃત્તિને પલાયનવાદ કહેવાય. આવા પલાયનવાદીઓ ઘણા જોવા મળશે.

એક વાત નક્કી છે કે, પલાયનવાદી માણસ સત્યથી દૂર ભાગે છે, તે સમસ્યાનો સામનો કરી શકતો નથી. તેનો સ્વભાવ ડરપોક હોય છે. જીવનમાં ડગલે ને પગલે સમસ્યાઓ આવતી હોય છે, તેનો સામનો કરીને આગળ વધવું જોઈએ, નહિ કે, પલાયનવાદી બનીને.

જ્યારે વાસ્તવિકતાઓ સ્વીકાર કરી આગળ વધતો માણસ એ વાસ્તવવાદી હોય છે. તેને ખબર છે કે, મારે કાલે આ સમસ્યાની સામે ઝઝૂમવાનું છે. તે સજ્જ થઈને કાલની સમસ્યા સામે ઝઝૂમવા તૈયાર થાય છે. તે જાણે છે કે, સમસ્યા મારો પીછો છોડશે નહીં, તેથી તે સમસ્યાને ભગાડવા સામેથી બાથ ભીડે છે.

દા.ત. તમે નિર્જન રસ્તેથી સ્કૂટર ઉપર જતાં હોવ અને કૂતરા પાછળ પડે તો તમે સ્કૂટર ભગાડશો તેમ વધારે જોરથી ભસીને પાછળ દોડશે, પરંતુ જો તમે બ્રેક મારી ઊભા રહેશો તો કૂતરા દૂર જતા રહેશે.

પ્રશ્નો, સમસ્યાઓનું પણ આવું જ છે, જેટલા તેનાથી દૂર ભાગીશું એટલે કે, પલાયન થવા માંગીશું એટલા પ્રશ્નો વધારે પાછળ દોડશે, માટે હંમેશા વાસ્તવવાદી બનવું જોઈએ.

કોઈપણ સમસ્યાનું સમાધાન તેની સામે લડવાથી મળે છે. ભાગવાથી સમસ્યાઓનો ગુણાકાર થાય છે. જેથી પલાયનવાદી ન બનતાં વાસ્તવવાદી બનવાથી જ સફળ થવાય છે.

પોતાના માટે પરફેક્ટ બનો સાહેબ બાકી લોકો તો ભગવાનની પણ ભૂલ કાઢશે.

કર્મનો સિદ્ધાંત

સંકલન
– ડૉ.ગુંજનભાઈ શાહ
પ્રિ.હીરામણિ ઉ.મા શાળા

મે ૨૦૨૨ : અંક-૮૨

સાધકે જૂનાં પાપો દૂર કરવાને માટે કે કોઈ પરિસ્થિતિને વશીભૂત થઈને કરવામાં આવેલાં નવા પાપને દૂર કરવાને માટે અન્ય પ્રાયશ્ચિત્ત કરવાની એટલી આવશ્યકતા નથી. તેણે તો, તે જે સાધના કરી રહ્યો છે, તેમાં જ ઉત્સાહ અને તત્પરતાપૂર્વક લાગેલા રહેવું જોઈએ. પછી તેનાં જ્ઞાત-અજ્ઞાત બધાં પાપો દૂર થઈ જશે અને અંતઃકરણ આપોઆપ શુદ્ધ થઈ જશે.

સાધકમાં એવી એક ભાવના થઈ જાય છે કે સાધન-ભજન કરવું એ અલગ કામ છે અને વેપાર-ધંધો વગેરે કરવો એ અલગ કામ છે અર્થાત્ આ બન્ને અલગ-અલગ વિભાગો છે. એટલા માટે વેપાર વગેરે વ્યવહારમાં જૂઠ-કપટ વગેરે તો કરવાં જ પડે છે - એવી જે છૂટ લેવામાં આવે છે, તેનાથી અંતઃકરણ બહુ જ અશુદ્ધ થાય છે. સાધનાની જલદી ઉન્નતિ નથી થતી. એટલા માટે સાધકે સદા સાવધાન રહેવું જોઈએ અર્થાત્ નવું પાપ કદી ન થાય - એવી સાવધાની સદા-સર્વદા બની રહેવી જોઈએ.

સાધક ભૂલથી કરેલાં દુષ્કર્મોના અનુસાર પોતાને દોષી માની લે છે અને પોતાનું બૂરું કરવાવાળી વ્યક્તિને પણ દોષી માની લે છે, જેનાથી તેનું અંતઃકરણ અશુદ્ધ થઈ જાય છે. એ અશુદ્ધિને દૂર કરવાને માટે સાધકે તે ભૂલથી કરેલા દુષ્કર્મને ફરીથી કદી ન કરવાનું દૃઢ વ્રત લઈ લેવું જોઈએ તથા પોતાનું બૂરું કરવાવાળી વ્યક્તિના અપરાધને ક્ષમા માગ્યા વિના જ ક્ષમા કરી દેવો જોઈએ અને ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે 'હે નાથ ! મારું જે બૂરું થયું છે; તે તો મારાં દુષ્કર્મોનું જ ફળ છે. તે બિચારો તો મફતમાં જ એવું કરી બેઠો છે. તેનો તેમાં કોઈ દોષ નથી. આપ તેને ક્ષમા કરી દો.' એવું કરવાથી અંતઃકરણ શુદ્ધ થઈ જાય છે.

'જ્ઞાનયોગ વ્યવસ્થિતિઃ' - જ્ઞાનને માટે યોગમાં સ્થિત થવું અર્થાત્ પરમતત્ત્વનું જે જ્ઞાન (બોધ) છે, તે ચાહે સગુણનું હોય કે નિર્ગુણનું, તે જ્ઞાનને માટે યોગમાં સ્થિત થવું આવશ્યક છે. યોગનો અર્થ છે - સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં, માન-અપમાનમાં, નિંદા-સ્તુતિમાં અને રોગ-નીરોગતામાં સમ રહેવું અર્થાત્ અંતઃકરણમાં હર્ષશોક વગેરે ન થઈને નિર્વિકાર રહેવું.

'દાનમ્' - લોકદૃષ્ટિમાં જે વસ્તુઓને પોતાની માનવામાં આવે છે, તે વસ્તુઓને સત્તપાત્રનો તથા સ્થળ, કાળ, પરિસ્થિતિ વગેરેનો વિચાર રાખીને આવશ્યકતા અનુસાર બીજાઓને વિતરિત કરી દેવી એ 'દાન' છે. દાન કેટલીયે જાતનાં હોય છે; જેમ કે - ભૂમિદાન, ગૌદાન, સુવર્ણદાન, અન્નદાન, વસ્ત્રદાન વગેરે. આ બધામાં અન્નદાન મુખ્ય છે, પરંતુ તેનાથી પણ અભયદાન શ્રેષ્ઠ છે. એ અભયદાનના બે ભેદ હોય છે.

સંસારની આપત્તિથી, વિઘ્નોથી અને પરિસ્થિતિઓથી ભયભીત થયેલાને પોતાની શક્તિ અને સામર્થ્ય અનુસાર ભયરહિત કરવો, તેને આશ્વાસન આપવું તેને સહાય કરવી. આ અભયદાન તેના શરીર વગેરે સાંસારિક પદાર્થોને લઈને થાય છે.

સંસારમાં ફસાયેલી વ્યક્તિને જન્મમરણથી મુક્ત કરવા માટે ભગવાનની કથા વગેરે સંભળાવવાં. ગીતા, રામાયણ, ભાગવત વગેરે ગ્રંથોને તેમ જ તેમના ભાવોને સરળ ભાષામાં છપાવીને સસ્તી કિંમતે લોકોને આપવા અથવા કોઈ સમજવા ઈચ્છે તો તેને પ્રેમથી સમજાવવું, જેનાથી તેનું કલ્યાણ થઈ જાય. એવા દાનથી ભગવાન બહુ જ રાજી થાય છે (ગીતા અ.૧૮/૬૮-૬૯); કેમકે ભગવાન જ બધામાં પરિપૂર્ણ છે. આથી જેટલા અધિક જીવોનું કલ્યાણ થાય છે, એટલા જ અધિક ભગવાન પ્રસન્ન થાય છે. આ સર્વશ્રેષ્ઠ અભયદાન છે. એમાં પણ ભગવત્સંબંધી વાતો બીજાઓને સંભળાવતી વેળાએ સાધક વક્તાએ એ સાવધાની રાખવી જોઈએ કે તે બીજાઓની અપેક્ષાએ પોતાનામાં વિશેષતા ન માને, પરંતુ એમાં ભગવાનની કૃપા માને કે ભગવાન જ શ્રોતાઓના રૂપમાં આવીને મારો સમય સાર્થક કરી રહ્યાં છે.

ઉપર જેટલાં દાન બતાવ્યાં છે, તેમની સાથે પોતાનો સંબંધ ન જોડીને સાધક એમ માને કે પોતાની પાસે વસ્તુ સામર્થ્ય, યોગ્યતા વગેરે જે કંઈ પણ છે, તે બધું ભગવાને બીજાઓની સેવા કરવા માટે મને નિમિત્ત બનાવીને આપે છે. આથી ભગવતપ્રિત્યર્થ આવશ્યકતા અનુસાર જે કોઈ જે કંઈ આપવામાં આવે, તે બધું તેનું જ સમજીને આપવું તે 'દાન' છે.

સારો સ્વભાવ અને સારી ભાવના, એ જ જીવનની સાચી સંપત્તિ છે.

ભાસ્કરાચાર્ય

સંકલન
– શ્રી ભરતભાઈ પટેલ
શિક્ષક (ઉ.મા.વિભાગ)

મે ૨૦૨૨ : અંક-૮૨

★ ન્યૂટન અગાઉ થઈ ગયેલા ભાસ્કારાચાર્યે જ પ્રથમ વખત જાહેર કર્યુ હતું કે, પૃથ્વીમાં કોઈપણ ચીજને પોતાની તરફ ખેંચવાની શક્તિ છે. પૃથ્વી પોતાના આકર્ષણબળથી તમામ ચીજોને પોતાની તરફ ખેંચે છે. જેથી પ્રત્યેક ચીજ પૃથ્વી તરફ પરત ફરે છે.

★ ભાસ્કારાચાર્યે કપરા સંજોગોમાં અનેક ગ્રંથોની રચના કરી હતી. એ પૈકી બે ગ્રંથ-સૂર્ય સિદ્ધાંત અને લીલાવતી.

એમના અન્ય ગ્રંથોમાં 'કરણ', 'કૌતૂહલ', 'સમય સિદ્ધાંત શિરોમણિ' અને 'રસગુણ' છે. ભાસ્કરાચાર્યની પુત્રીનું નામ લીલાવતી છે. જેના નામે પોતાનો ગ્રંથ 'લીલાવતી' પુત્રીને સમર્પિત કર્યો છે.

★ **'લીલાવતી' માં દસગુણોત્તર પ્રણાલીની અંકો બતાવાયા છે. સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ વગેરે ઉપરાંત એમાં ત્રિરાશી, પંચરાશી, મિશ્રણ, શ્રેણી વગેરે બાબતે પ્રશ્નો અને જવાબ છે.**

★ 'સૂર્ય સિદ્ધાંત' - જ્યોતિષશાસ્ત્રનો મહત્ત્વનો ગ્રંથ અનુવાદ પણ થયો છે. વૈજ્ઞાનિકોની માન્યતા પૃથ્વી અચળ છે. તે ભાસ્કરાચાર્યે ખોટી ઠેરવી છે. તેમના મતે પૃથ્વી અચળ નથી પણ સૂર્યની આસપાસ પોતાની ધરી પર બે પ્રકારની ગતિથી ઘૂમે છે. પૃથ્વી ગોળ છે. આ માટેના પ્રમાણ પણ આપેલાં છે.

'સિદ્ધાંત શિરોમણિ' ગ્રંથ ચાર ખંડમાં વહેચાયેલો છે.

(૧) પાટી ગણિત અથવા લીલાવતી
(૨) બીજ ગણિત
(૩) ગણિતાધ્યાય
(૪) ગોળાધ્યાય

જેમાં છેલ્લા બે ખંડ જ્યોતિષ સબંધિત છે.

★ ભાસ્કારાચાર્યે શૂન્યની પ્રકૃતિને જાણી-કોઈપણ સંખ્યામાં શૂન્ય જોડવાથી કે ઘટાડવાની સંખ્યાની કિંમતમાં કશો ફેરફાર થતો નથી. એમણે π નું મૂલ્ય 3.14166 બનાવ્યું હતું. જે અભ્યાસના મૂલ્ય 3.142 ની કેટલી નિકટ જોવા મળે છે.

સૂર્યગ્રહણ, સૂર્ય પર ચંદ્રનું પ્રતિબિંબ અથવા પડછાયો અને ચંદ્રગ્રહણ, ચંદ્ર પર પૃથ્વીના પડછાયાની બનતી ઘટના છે.

★ ભાસ્કારાચાર્યેનાં પુત્રી લીલાવતી પણ પિતાની સાથે ગણિત સંશોધનમાં સમર્પિત હતા. 'લીલાવતી' નામનો ગણિતગ્રંથ તેમના નામ સાથે તેમના પિતાએ એટલે જ સાંકળી લીધો હતો.

★ ભારત સરકારે પોતાના ભૂમિદર્શક અંતરીક્ષ યાનને ભાસ્કર-૨ નામ નિર્દેશ કરી. ભાસ્કરાચાર્યે પ્રત્યે અનન્ય શ્રદ્ધાંજલિ અર્પી છે. ગણિતશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રને લાગેવળગે છે ત્યાં સુધી ભાસ્કરાચાર્ય ભાસ્કરની જેમ ઉષ્મા અને જીવન આપતા રહેશે.

જીવન જીવવાનું ગણિત જે સમજે તેને બધા જ દાખલાં આવડી જાય છે.

દિન મહિમા ડિસેમ્બર માસ

સંકલન
– શ્રી સોનલબેન ગીડા
શિક્ષિકા (ઉ.મા.વિભાગ)

મે ૨૦૨૨ : અંક-૮૨

રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ - ૨૪ ડિસેમ્બર

રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ ભારતમાં દર વર્ષે ૨૪ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. ૨૪ ડિસેમ્બર, ૧૯૮૬ના રોજ ગ્રાહક સુરક્ષા અધિનિયમને મંજૂરી આપવામાં આવી. ૧૫ માર્ચના દિવસે વિશ્વ ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં આ દિવસ સૌ પ્રથમ વર્ષ ૨૦૦૦માં ઉજવવામાં આવ્યો.

વૈશ્વિક અર્થકારણમાં ગ્રાહકોનું મહત્વ સ્વીકારી તેમનું શોષણ અને અન્યાય અટકાવવા માટે વિશ્વભરના રાષ્ટ્રોમાં ગ્રાહકોની જાગૃતિ માટે ઠોસ કદમ ઉઠાવવાના નિર્ધાર સાથે, સંયુક્ત રાષ્ટ્રોએ ૧૫મી માર્ચને જે રીતે વિશ્વ ગ્રાહક દિવસ જાહેર કરેલ છે તે જ રીતે આપણી સરકારે છેલ્લા ૧૨ વર્ષથી દેશભરમાં બહુરાષ્ટ્રીય કંપનીઓના આક્રમણ સામે ગ્રાહકોને રક્ષણ આપવા અને તેમાં જાગૃતિ લાવવા પ્રતિ વર્ષ ૨૪ મી ડિસેમ્બરે "રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ" તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે.

આ દિવસે દેશભરના વિવિધ રાજ્યોમાં ગ્રાહક જાગૃતિ અને સંગઠન માટે અનેકવિધ કાર્યક્રમો સરકાર દ્વારા અને ગ્રાહક સંસ્થાઓ દ્વારા યોજવામાં આવે છે. ગુજરાતમાં ગ્રાહક સાક્ષરતાની ટકાવારી માત્ર ૨૭ ટકા જેવી છે. ઈ.સ.૧૯૮૬ના કાયદા નીચે ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વાજબી ભાવે માલ અને સેવા મેળવવાનો અધિકાર મળેલ છે. આ ઉપરાંત તેમાં ભેળસેળ થતી હોય કે વધુ કિંમત લેવાતી હોય તો જે તે વેપારી, કંપની કે સેવા આપનારી સરકારી/અર્ધસરકારી સંસ્થાઓ સામે ફરિયાદ કરવાનો પણ અધિકાર મળે છે. ગ્રાહકોને શિક્ષણ મેળવવાનો અને માહિતી મેળવવાનો પણ અધિકાર છે. આ અધિકારોની રક્ષા માટે વિવિધ કક્ષાએ ગ્રાહક અદાલતોની રચના થઈ હોવા છતાં આજે ૧૦ થી ૧૫ ટકા લોકો જ તેનો લાભ લે છે.

ધીરુભાઈ અંબાણી - ૨૮ ડિસેમ્બર

આંતરરાષ્ટ્રીય સ્તરે નામાંકિત ઉદ્યોગપતિ ધીરુભાઈ અંબાણીનો જન્મ ૨૮ ડિસેમ્બર, ૧૯૩૨ના રોજ જુનાગઢ જિલ્લાના માધવપુર ગામે થયો હતો. સંઘર્ષ કરીને આપબળે ધનવાન બનેલા ભારતીય હતા, કે જેમણે મુંબઈમાં પોતાના પિતરાઈ સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી હતી. ૧૭ વર્ષની વયે તેઓ પેટ્રોલપંપ પર કારકુન તરીકે નોકરી કરવા લાગ્યા. ઈ.સ.૧૯૬૨માં રિલાયન્સની સ્થાપના કરી અને રિલાયન્સ પોલીયસ્ટર યાર્નની આયાત અને મસાલાની નિકાસ કરતી હતી.

ટેક્સટાઈલ વ્યવસાયમાં ઉજળી તકો હોવાનું લાગતાં ધીરુભાઈએ પોતાની પ્રથમ ટેક્સટાઈલ મિલ ઈ.સ.૧૯૭૭ના વર્ષમાં અમદાવાદનાં નરોડા વિસ્તારમાં શરૂ કરી. સમય વીતતા ધીરુભાઈ પોતાના કારોબારમાં વૈવિધ્યકરણ લાવ્યા અને પેટ્રોકેમિકલ્સમાં નિપુણતા હાંસલ કરવાની સાથે ટેલિકમ્યુનિકેશન, ઈન્ફર્મેશન ટેક્નોલૉજી, એનર્જી, પાવર, ટેક્સટાઈલ, મૂડી બજારો અને લોજીસ્ટીક્સ ક્ષેત્રે પણ કારોબારનો વિસ્તાર કર્યો. અમેરિકામાં ૧૦૦ વર્ષનાં સમયગાળામાં ૧૦૦ મિલિયન ડોલર્સ બોન્ડસ બહાર પાડનાર રિલાયન્સ પ્રથમ એશિયાઈ કંપની છે. સફળ ઉદ્યોગ-વ્યવસાય સમૂહ સ્થાપિત કરનાર આ અદ્વિતીય વ્યક્તિનું નિધન ૬ જુલાઈ, ૨૦૦૨ના રોજ થયું.

જિંદગીને માણવી હોય તો એક ટકાનું ટેન્શન અને નવ્વાણું ટકાનું જીગર રાખો.

પ્રેરણાદાયી પ્રસંગો

– શ્રી દિનેશભાઈ પંડ્યા
શિક્ષક
(પ્રાથમિક વિભાગ)

મે ૨૦૨૨ : અંક-૮૨

જિંદગી મોતીચારા સમાન પ્રેરક પ્રસંગો 'ક્ષણે ક્ષણે પ્રેરણા' પુસ્તકમાંથી સૌને માર્ગદર્શન આપે તેવા છે. જેમાંથી અને ગમતા કેટલાં પ્રસંગો આ મુજબ છે.

એક મહાત્મા પાસે એક યુવાન આવ્યો અને મહાત્માને કહ્યું, મારે જીવનમાં વિકાસ કરવો છે. અને સફળતા મેળવવી છે, તો મારે શું કરવું જોઈએ ? મહાત્માને ખૂબ શાંતિથી જવાબ આપતાં કહ્યું, 'જીવનમાં વિકાસ અને સફળતા મેળવવી હોય તો ભૂલનું પુનરાવર્તન ન થાય એવી સતત કાળજી રાખવી. કારણ કે ભૂલ કરતાં ભૂલનું પુનરાવર્તન વધુ જોખમી છે. આપણે જીવનને તપાસી જશું તો સ્પષ્ટ ખ્યાલ આવી જશે કે આપણે નવી ભૂલો લગભગ નથી કરતા પણ જરૂરી ભૂલોનું પુનરાવર્તન જ કરી રહ્યાં છીએ માટે ફરીવાર ફૂલ ન થાય તેની તકેદારી રાખીએ તો સફળતાના શિખરો સર કરતાં કોઈ નહિ રોકી શકે !

બીજો હૃદયસ્પર્શી અને સૌને અસર કરતો પ્રસંગ છે, એક માણસ પલંગ પર સૂતો હોય છે અને અચાનક આગ લાગે છે. તેના કપડાં બળવા લાગે છે આવી સ્થિતિમાં તે બૂમાબૂમ કરી શકે છે. તેનું ચિત્ત સ્વસ્થ નથી હોતું તેથી તે સાચો નિર્ણય લઈ શકતો નથી તેવી જ રીતે અંતરમાં ક્રોધની આગ સળગતી હોય ત્યારે પણ યોગ્ય કે સાચો નિર્ણય લેવો મુશ્કેલ બની જાય છે. એ સમય દરમિયાન પરિસ્થિતિનું વાસ્તવિક દર્શન કરવાની ક્ષમતા મન ગુમાવી બેસે છે અને એટલા જ માટે એવી સ્થિતિમાં લેવાતા નિર્ણયો સામાન્યતયા આત્માને સંબંધોને નુકસાનકારક બન્યા વિના રહેતા નથી. એક અંગ્રેજીમાં કહેવત છે કે 'Anger begins with fooly and ends with repentance' (ક્રોધની શરૂઆત મૂર્ખતાથી થાય છે જ્યારે સમાપ્તિ પ્રશ્ચાતાપમાં થાય છે !) સાવ નાની-નાની બાબતોમાં મગજ પરનો કંટ્રોલ ગુમાવી બેસનારા આપણે આજસુધીમાં કેટલી નુકસાનીમાં ઊતરી ગયા છીએ, એની આપણને કલ્પના પણ નથી.

ત્રીજો સુંદર પ્રસંગ પણ પ્રશંસનીય છે. જે ઈસપની બોધ કથામાંથી લીધેલો છે, જેમા એક વખત બાપ-દીકરો નવું ગધેડું લઈને નીકળે છે. લોકો બંને જુએ છે અને ગધેડાને જુએ છે પછી બોલે છે કે 'કેવા મૂર્ખ ! બંને ચાલ્યા જાય છે. બેમાંથી એક ગધેડા પર બેસી જાય તો ન ચાલે ? એટલી તો સફરમાં સરળતા રહે' પિતાએ કહ્યું : 'બેટા તું બેસી જા. હું ચાલ્યો આવું છું.' પુત્ર પિતાની આજ્ઞા અનુસાર ગધેડા પર બેસી ગયો. પ્રવાસ આગળ ચાલ્યો આવે છે ! જુવાન દીકરાને શરમ જેવી વસ્તુ નથી !' દીકરાએ આ સાંભળ્યું અને તરત જ નીચે ઉતરી ગયો. તેણે પિતાને કહ્યું, 'પિતાજી તમે બેસી જાઓ.' બાપ ગધેડા પર બેઠા. પ્રવાસ આગળ ચાલ્યો ત્યાં પાછી લોકોની નજર ગઈ અને લોકો બોલ્યા, 'જુવાન દીકરો બિચારો ચાલ્યો આવે છે અને બાપ ગધેડા પર આરામથી બેસી રસ્તો કાપે છે. ડોસાને કાંઈ શરમ છે, સાઠે બુદ્ધિ નાઠી તે આનું નામ ! વૃદ્ધ બાપ તરત નીચે ઊતરી ગયો. લોકોની ટીકામાંથી બચવા બંને ગધેડા માથે બેઠા. પ્રવાસ આગળ ચાલ્યો. લોકોએ જોયું અને કહ્યું, 'બેમાંથી એકેયમાં દયોનો છાંટો છે ? બંને ગધેડા માથે બેઠાં છે ! અબોલા પશુના નિઃસાંસા લેવા સારા નથી.' તરત બાપ-દીકરો સમજીને નીચે ઊતરી ગયા. આ ઈસપનો બોધ એટલો કે લોકોની ટીકા પ્રમાણે ન જીવી શકાય. ગમે તેટલુ સારું કામ કરો, ટીકા કરનારા ટીકા કરશે જ. માટે આપણા મનથી જે સારું લાગે તે કાર્ય કરવું જ કારણ છે. કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહેના.'

આપણી ઈચ્છાઓથી પણ વધારે સુંદર હોય છે ઈશ્વરની યોજનાઓ.

"સ્વસ્થ જીવન સરળ અને સચોટ ઉપાય"

– શ્રી સુષ્માબેન પટેલ
શિક્ષિકા
(પ્રાથમિક વિભાગ)

મે ૨૦૨૨ : અંક-૮૨

'પહેલું સુખ તે જાતે નર્યાં, ને પોતે કમાતા થયા,
મહા સુખ તે ધ્યાન, યોગ, વ્યાયામને સેવાને વર્યા.'

સ્વસ્થ જીવન પ્રસ્તુત પુસ્તિકામાં 'તંદુરસ્ત જીવન' માટે શું જરૂરી છે તેનું મહત્ત્વ સમજાવ્યું છે. આધુનિક યુગનો માણસ ભૌતિક સુખ માટે એટલો બધો આંધળો બની ગયો છે કે તે જીવનનું સાચું સુખ કયું છે તે સમજી જ નથી શકતો.

આજની દોડધામભરી જિંદગીમાં મનુષ્યને શારીરિક શાંતિ કરતાં માનસિક શાંતિની ખૂબ જ જરૂરિયાત ઊભી થઈ પડેલ છે. અને આ આંતરિક શાંતિ-સુખની જ્યારે મનુષ્યને સમજણ પડી જશે ત્યારે તેને ભૌતિક સુખ તુચ્છ લાગવા માંડશે. પરંતુ આ આધુનિક જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવા માટે માનવે પોતાના મનને ખૂબ જ મજબૂત કરવું પડશે. ગુજરાતીમાં કહેવત છે કે - "પહેલું સુખ તે જાતે નર્યા". એટલે કે મન અને શરીર સ્વસ્થ- તુંદરસ્ત હશે તો તમે દરેક મુશ્કેલીનો સામનો કરી જ શકશો. અને શરીરને સ્વસ્થ-તંદુરસ્ત રાખવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. યોગવિદ્યા મહર્ષિ પતંજલિએ 'યોગદર્શન' નામના ગ્રંથમાં યોગશાસ્ત્રનું વર્ણન કર્યું છે. યોગવિદ્યાથી આપણી અંદર (મનુષ્યના શરીરમાં) નકારાત્મક વિચારો દૂર થાય છે, અને નાડી શુદ્ધિમાં પણ મદદરૂપ થાય છે.

જેમ પાણીમાં ઓગળી ગયેલું મીઠું પાણીમાં હોવા છતાં પાણીમાં એકરૂપ થઈ જવાથી મીઠાનું રૂપ દેખાતું નથી અને પાણી જ દેખાય છે. તેવી જ રીતે ધ્યાનમગ્ન (સમાધિમગ્ન) થવાથી યોગી પોતાને માત્ર ચૈતન્ય સ્વરૂપે અનુભવે છે. જે આત્માનું શુદ્ધ અને સાચું સ્વરૂપ છે. અંતે આત્માનો પરમાત્મામાં અદ્વૈતભાવ પ્રગટે છે. અર્થાત્ વ્યક્તિને બ્રહ્મની પ્રત્યક્ષ અનુભૂતિ થાય છે. એટલે જ મહર્ષિ યાજ્ઞવલ્કય પ્રમાણે -

"જીવાત્મા અને પરમાત્માની એકયાવસ્થાનું નામ સમાધિ"

ભગવદ્ગીતાના અધ્યાય-૬માં પણ ઉલ્લેખ કર્યો છે કે -

ચિત્તને સ્થિર કરી ઈન્દ્રિયોને ઈન્દ્રિયોના વિષયમાંથી મુક્ત કરી યોગી એકાંતમાં રહી સતત આત્માને પરમાત્માની સાથે જોડવાનો પ્રયત્ન કરે છે. આમ ઈશ્વરભક્તિ દ્વારા સાધક મનની ચંચળતા દૂર કરી અમૂલ્ય આત્મશાંતિનો અનુભવ કરે છે.

પ્રસ્તુત પુસ્તકમાં એ વાત સમજવી છે કે બહિરંગ યોગથી શરીર ઈન્દ્રિયો અને મનને સમાયોજિત કરવામાં આવે છે, જ્યારે અંતરંગ યોગથી ચિત્તનું આંતરિક સમાયોજન સધાય છે. તનાવ, ઉચાટ, એકલતા સ્વભાવની ઉગ્રતા અલગપણું મનની ભૂમિ વગેરેથી મનુષ્ય મનથી નબળો પડી જાય છે. પરંતુ જેનું મન સ્વસ્થ, તેનું તન સ્વસ્થ ઉક્તિને સિદ્ધ કરવા માટે મનુષ્યે જીવનમાં પોતાના માટે સમય આપીને યોગવિદ્યા કરવી જોઈએ. યોગવિદ્યા જીવંત વિદ્યા છે. અને ભારતીય સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો છે. આમ ભારતની અધ્યાત્મવાદી જીવનદૃષ્ટિને વ્યવહારમાં મૂકવાની ક્ષમતા યોગ પાસે છે. જે તણાવોમાંથી મુક્તિ મેળવવા માનસિક સ્વાસ્થ્ય માટે મનની એકાગ્રતા કેળવવા ભૌતિક સર્જનાત્મક તેમજ વ્યક્તિત્ત્વના વિકાસ માટે ધ્યાન ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે.

"सुखार्थ सर्वभूतानां मताः सर्वाः प्रवृत्तयः ।
सुखां च न बिनां धर्म तस्मात् धर्मपरो भवः ॥"

આચાર્ય વાગભટ્ટજીના મતે સંસારનો કોઈપણ પ્રાણી એવો નથી કે જે રોગ, ભય, દુઃખ મેળવવા માગતો હોય, જો આપણે, સુખ અને નિરોગીકાય મેળવવા માંગતા હોઈએ તો જીવનમાં સ્વસ્થ જીવનશૈલીને અપનાવી પડે. આહાર સમૂહ સંવાદ પ્રાર્થના અને પ્રેમ, પ્રત્યક્ષીકરણ અને ક્ષમા શરીર મન અને ચેતનામાં એકતાનો અનુભવ વગેરેથી આપણે આપણા સ્વાસ્થ્યને અને જીવનને સારું બનાવી શકીશું.

આપણી જરૂરિયાતો જેટલી ઓછી થતી જાય એટલા આપણે ઈશ્વરની નજીક જઈએ છીએ.

પાણીની ગતિ

– શ્રી કે.સી.વ્યાસ
રૂમ નં-૧૧,
હીરામણિ સાંધ્યજીવન કુટિર

મે ૨૦૨૨ : અંક-૮૨

દુનિયામાં ઘણી જાતની નવી નવી શોધો થઈ છે. આપણા ખ્યાલમાં ન આવે એવી સરસ શોધો તેણે કરી છે. પહેલાં જ્યારે આગગાડીની શોધ થઈ ત્યારે લોકો એમ માનતા કે, સરકાર ભૂતપ્રેતને વશ કરીને ગાડીઓ ચલાવે છે, પણ જેમ ઉપયોગ વધ્યો, તેની સમજણ પાડવામાં આવતી ગઈ, તેમ આપણે સમજવા લાગ્યા. ત્યાર પછી તાર, ટેલિફોન, ફોનોગ્રાફ, ઘોડા વિનાની ગાડીઓની, બલૂનની શોધ થઈ. જેથી લોકો છક થઈ ગયા.

આમ ભારતમાં પાણીની પણ વધુ સગવડ થઈ પડી, કારણકે મુંબઈ, કલકત્તા, મદ્રાસ, દિલ્હી જેવાં મોટાં શહેરમાં સાત-દસ માળના ઊંચે પાણીના નળ આવ્યા. કુદરતી રીતે પાણીનું વલણ હમેશાં નીચે જવાનું છે. આપણે વિચાર કરીએ તો વરસાદ આકાશમાંથી નીચે છાપરા પર પડે છે, પછી નીચે અગાશીમાં, અગાશીમાંથી નીચે ચોકમાં, પછી નીચે શેરીમાં, શેરીમાંથી ગટરમાં-છેલ્લે સમુદ્રમાં જાય છે. પાણીનું વલણ હમેશાં નીચે તરફ જ રહે છે. તે છતાં પણ યંત્રોની શોધ કરીને સાતમા માળે સુધી નળ વાગે ઊંચે લઈ જવાય છે. તથા આગ લાગી હોય ત્યારે બંબા વાટે ઘર ઉપર છાંટવા ઉપર ચડાવાય છે.

ભાઈઓ અને બહેનો, આપણું મન પાણીના જેવું છે, એટલે કે મનની વૃત્તિ હમેશાં નીચે જ હોય છે, કાં તો તે રૂપરંગ તરફ, કાં તો બીજાના ધન ઉપર પડે છે, કાં તો બીજાઓની નિંદા તરફ દોડે છે, આમ બીજાને ફસાવવા હજારો નીચ યુક્તિઓ કરે છે. અંગ્રેજ બચ્ચાઓ જેમ જેમ નવી નવી યુક્તિઓ કરવામાં શૂરવીર છે, તેમ આપણા ઋષિમુનિઓ પણ કાચા નહોતા. તારના દોરડા વિના દૂરથી વાતચીત કરતા હતા.

કાંઈપણ સાધન વિના એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકતા હતા. આવી મહાન શોધો જેમણે કરી છે, તેઓએ શું મનને ઊંચે ચડાવવાની યુક્તિ નહિ શોધી હોય ? તેથી જો મનને ઊંચે માર્ગે ચડાવવું હોય તો તે હમેશાં સત્સંગ થવું જોઈએ, કારણકે સત્સંગના યંત્ર જેવું બીજું કોઈ યંત્ર નથી જે મનને સુંદર, પ્રસન્ન, આત્મીય સુખી બનાવી જીવનયંત્રને ઉન્નતિના માર્ગે લઈ જાય. જેથી જીવનમાં સર્વ ભૌતિક, ધાર્મિક, રાજનૈતિક, ગમે તે કક્ષામાં ઉન્નતિ મેળવવી હોય તો પાણીને ઊંચે ચઢાવવા યંત્ર સામગ્રી દ્વારા - મહામહેનતે જેમ ઉન્નતિ - વિકાસ સાધી શકાય છે, તેમ "મનઃ એવ મનુષ્યાણાં" ની જેમ મન-આત્મીય વિકાસ માટે અત્યંત પુરુષાર્થ અને અન્યોઅન્ય પ્રેરણા મેળવી ઉન્નતિ પંથે જઈ શકાય છે.

આથી સંત તુલસીદાસે કહ્યું છે કે :-

"ભવસાગર કી ઊલટી નદિયાં,
સબ જુગ જાત બહ્યો રે,
તુલસીદાસ ભગવંત ભજન બિન,
કોઈ ન પાર ગયો રે"

અંતે ..... આપણું મન પાણીની જેમ નીચેની સપાટીએ સરળતાથી જઈ શકે છે. માનવ મનને ઉચ્ચ કક્ષાએ લઈ જવા ઘણા અથાગ પ્રયત્નો આદરવા પડે છે. આમ આપણો પરિવાર, કુટુંબ, સમાજને ઉન્નત બનાવવા તથા જાગૃતિ કેળવી જીવનને સુખ, શાંતિ અને સંતોષમય જીવવાનો આનંદ લૂંટીએ તો સંસાર સાગરને તરી જઈ રાષ્ટ્રવ્યાપી ઉન્નતિ પંથો તરફ ઝંપલાવી શકીએ, અસ્તુ !

પાણી એ કુદરતની અણમોલ ભેટ છે.

1G થી 5G આત્મમંથન

– શ્રી કેતનભાઈ ભટ્ટ
કો.ઓર્ડિનેટર
(હીરામણિ પ્રા.સ્કૂલ)

મે ૨૦૨૨ : અંક-૮૨

૪૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોને ખાસ વાંચવુ.. હાલની પરિસ્થિતિમાં બંધબેસતી આ વાત છે... પરિવારોમાં 1G, 2G, 3G, 4G અને 5G ...!

આપણા પરિવારોમાં આજે જે કાંઈ સાધન સગવડ કે પૈસે ટકે સુખી સંપન્ન છીએ એમાં છેલ્લી ચાર ચાર પેઢીઓની અથાગ મહેનત, લગન, પરસેવો અને પરિશ્રમના પરિણામે છીએ.

આજે ગાડી બંગલામાં પહોંચતા ચાર ચાર પેઢીઓ હોમાઈ ગઈ છે. અને એ પણ કોઈ સીધા સરકારી લાભો કે (આ)રક્ષણ વગર. આપબળે... સ્વમહેનતે.... સ્વમાનભેર.....!!

#1G : આપણા વડદાદા...

ગોળ, રોટલો, કઢી, ધોતી કેડિયું વાળી પેઢી. રાત દા'ડો જોયા વગર મજૂરી કરીને જેમ તેમ ગાડું ગબડાવ્યું. ટૂંકમાં આ પેઢીએ જીવન ચલાવ્યું ને કંઈક ભેગું કર્યું.

#2G : આપણા દાદા...

ઘી-દૂધ, શીરો-મગ, ધોતિયું-પહેરણ-ટોપી. જેટલા મહેનતુ એટલા જ ગણતરીવાળા. શિક્ષણનું મહત્ત્વ આ લોકો બહુ પહેલા સમજી ગયા, અને આપણા બાપાઓ ને ભણાવ્યા. જે પોતે ભણી ના શક્યા એમને બચત કરી શહેરો તરફ તગડ્યા. અને એમને નોકરી ધંધામાં વાળ્યાં. ટૂંકમાં આ પેઢીએ ભેગું કર્યું..!

#3G : આપણા પિતા...

શ્રીખંડ, રસ, રોટલી, પેન્ટ-શર્ટ, સફારી, બૂટ મોજા. શહેરોમાં બચકુ બાંધીને આવ્યા, કરકસર, સંઘર્ષ, આયોજન, સેફ સાહસો કર્યા, ખૂબ રાજકીય/સામાજિક/ધાર્મિક પહોંચ બનાવી, ખૂબ મહેનત કરી, અને આજે દુકાનો કારખાના ઑફિસો/જમીન-જાયદાદ/ગાડી-બંગલા ખડા કરી દીધાં. તમારા પપ્પાને આજે એમની સંઘર્ષની કહાની પૂછજો, મજ્જા આવશે.ટૂંકમાં આ પેઢીએ વધાર્યું...!

#4G : એટલે આપણે બધા...

પંજાબી - ચાઈનીઝ - અનલિમિટેડ થાળી. જીન્સ, ટી-શર્ટ વાળી પેઢી.

પચાસ પૈસાની આવક અને રૂપિયાનો ખર્ચો. સ્માર્ટ ફોનવાળી પેઢી. પાર્ટીઓ, ખર્ચાઓ, દેખાડાઓ, હોટલો, આબુ - દિવ - દમણ અને શેર - સટ્ટાઓ, ડાયરા - ડી.જે. સમજી ગ્યા કે લાંબુ ચલાવું ? ટૂંકમાં આ પેઢીએ ઉડાવ્યું...!

હા... હાલની આ પેઢી ખૂબ જ આક્રમક, પોતાના હક્ક અને અધિકાર માટે સામી છાતીએ લડનાર, ઘર, સરકાર કે સિસ્ટમ સામે ખુલ્લું બંડ પોકારનાર. બાહોશ અને બળવત્તર હોય પણ ઠરેલ તો ન જ કહેવાય.

ટેક્નોલૉજી વિકાસનો મહત્ત્વનો પાયો છે.

"પૂર્વા અને દાદા"- ૯

– શ્રી પ્રકાશ ગજ્જર
રૂમ નં-૧૮,
હીરામણિ સાંધ્યજીવન કુટિર

મે ૨૦૨૨ : અંક-૮૨

દાદા....ઓ દાદા, આમ સામું તો જુઓ....શું હં...હં કર્યા કરો છો ? એ તમારી ચોપડી પછી વાંચજો, પહેલા મારી વાત સાંભળો, અમારી કૉલેજમાં વક્તવ્ય સ્પર્ધા છે તો તમે સાંજના ૪ વાગ્યે જરૂર આવજો. મેં તેમાં ભાગ લીધો છે મારૂ વક્તવ્ય સાંભળીને મારી ભૂલો જણાવશો. દાદાએ પૂછ્યું વિષય શું છે ? પૂર્વા બોલી એ હું નહી કહું, ત્યાં આવીને તમને ખબર પડશે. ચલો મારે મોડું થાય છે હું જાઉ....પૂર્વા ગઈ. દાદા તેને જાતાં જોઈ રહ્યાં અને મલકાયા.

દાદા કૉલેજ ગયા. પ્રોગ્રામ શરૂ થયો. વક્તવ્ય સ્પર્ધાનો વિષય હતો 'સ્નેહ'. આઠ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ બોલી ગયા. તેમાં એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની ને દાદા એ મનોમન દાદ દીધી. હવે છેલ્લો અને નવમો વારો આવ્યો પૂર્વાનો. પૂર્વાનું નામ પુકાર્યુ. પૂર્વા સ્ટેજ ઉપર ચડતા સ્ટેજને પગે લાગી. અને સ્ટેજની વચ્ચો વચ્ચ પણ સ્ટેજનાં આગળનાં કિનારા તરફ ચાર ડગલા આગળ આવી. એક ક્ષણ શાંત રહી, હૉલમાં બેઠેલા શ્રોતાઓ પર નજર ફેરવી અને પોતાનું વક્તવ્ય શરૂ કર્યુ.

"કોઈ રાહ જોનાર જ નહી હોય તો ?
કેવી થઈ જાશે જીંદગી ? ....."

જે માણસની સામે સતત વિરોધ છે, મોડા આવે છે, સાંભળતા જ નથી, ફોન નથી ઉપાડતા. આખો વખત મિત્રો સાથે જ ફર્યા કરે છે. એમની મમ્મી સિવાય એમને કોઈ દેખાતું જ નથી. આ બધી જ ફરિયાદોનું લિસ્ટ... સાંભળ્યાં પછી તમે કોઈ પણ પત્ની ને પૂછો કે કહો ... બહું ખરાબ છે ભઈ સાહેબ..... તમારે છુટાં નથી પડવું. એનો અર્થ એમ થાય છે કે સ્નેહ છે, તો આપણે સ્નેહ કેમ વ્યક્ત નથી કરતા, ફરિયાદ કેમ જતાવતા રહીએ છીએ ? આપણા મનમાં જે લાગણી છે, જે વ્હાલ છે, જે સ્નેહ છે એ કેમ નથી જતાવતાં ?

કેટલા બધાં પતિ જમતાં હોય છે, પત્ની પ્રેમથી પૂછતી હોય છે દાળ સારી થઈ છે ? જવાબ મળે...હં. પછી કોઈ આવે અને કહે કે ભાભી તમારી દાળ તો અદ્‌ભૂત બને છે. હવે એ મિત્ર ને થેન્ક યૂ કહેવાને બદલે પહેલું રિએક્શન શું હોય. તમારા ભાઈ તો કોઈ દિવસ વખાણ નથી કરતા. કેટલા સમયથી એમના મનમાં પીડા હશે કે પેલાએ મસાલાવાળી ચા પીધી કે થયો ઘડાકો.

એક પતિ-પત્નીનાં લગ્ને પચીસ વર્ષ પૂરા થયા. પત્ની સરસ મજાની ગુજરાતી સાડી પહેરીને, અંબોડો વાળીને, સરસ મજાની તૈયાર થઈને પતિની પાસે ગઈ, પતિ છાંપુ વાંચતા હતા. તેની પાસે જઈ ઊભી રહી અને બોલી હલ્લો...હલ્લો, આજે આપણાં લગ્નને પચીસ વર્ષ પૂરા થયા. જ્યારે હું પહેલીવાર આ ઘરમાં આવી હતી ત્યારે તમે મને શું કહ્યું હતું ખબર છે ? "આય લવ યૂ કહેલું" પતિએ સહેજ છાપુ ખસેડ્યું અને બોલ્યા" આજે પણ પરિસ્થિતિ એ જ છે. બદલાશે તો કહીશ". કોઈ ચેન્જ નથી માટે તને શું કહું ?

નાનકડું બાળક ચાર, છ આડી અવળી લીટીઓ દોરીને આપણી પાસે આવે ને કહે જો ગાય. આપણે કેટલા

પ્રેમની પરિભાષા અલગ હોય છે.

આનંદથી જોઈએ છીએ વાહ...આટલી ફાઈન ગાય. દરેક માણસને ગમતું હોય છે કે એમના પ્રત્યેક કામનું એપ્રિશિએશન થાય, વખાણ થાય, કદર થાય.

પ્રત્યેક હિન્દુસ્તાની સ્ત્રી ઝંખે છે ફક્ત લાગણીનાં, એપ્રિશિએસન સાંભળવાનાં બે શબ્દો સાંભળવા સ્નેહ, માટે તો જીવે છે. પતિના શર્ટમાં બટન ટાંકી, હોશે હોશે તોડે દાંતથી, એમાં એમને જેટલો રોમાન્સ આવે તેટલો જગમાં કોઈ વાતમાં ન આવે. પતિ ડાયમન્ડ ન લાવે તો ચાલે, પણ અચાનક ગજરો લઈને આવે તો છુટ્ટા વાળ રાખતી સ્ત્રી નાની અંબોડી વાળીને પણ તે ગજરો નાખે, હરખાય. કેમ... આમ કેમ, કારણ કે આ પ્રેમ-સ્નેહ છે. આ અભિવ્યક્તિ છે.

આપણે સંસ્કૃતિ જાળવવામાં અભિવ્યક્તિ ભૂલી ગયા છીએ. આપણે એટલા ધાંધા થઈ ગયા છીએ મંદિર જવા માટે કે પત્નીને બગીચામાં લઈ જવાનું કે હીંચકે બસીને ચા પીવાનું ભૂલી ગયા છીએ.

સંબંધ તો આ છે. સંસ્કૃતિનો આ છે,.. પરસ્પરનું બૉન્ડ, છોકરાવ ક્યાંય વસતા હોય, બાળક પરદેશ વસતું હોય, યા ભણવા ગયું હોય તો મા ફોન પર સૌથી પહેલા પુછશે કે તે શું ખાધું ? આ મા નો સ્નેહ પૂછતો હોય છે. માં નો પ્રેમ એના અન્નમાં, એમની રસોઈમાં આવી જાય છે. છોકરૂ બહું દિવસે ઘરે આવે તો જોતાવેંત સૌથી પહેલા કહેશે જો તો ખરા બહું વજન ઉતરી ગયું છે. ખરેખર કાંટો વધારે બતાવતો હોય. વિદેશમાં રહી ચીઝ, બટર, ખાઈને વજન વધ્યું હોય પણ માં ને તો છોકરૂ દૂબળું જ લાગે, એટલો સ્નેહ, આટલો પ્રેમ આપણાં પરિવાર માટે કેમ નથી ટકાવી શકતા ? કેટલી બધી પત્નીઓ ફરિયાદ કરતી હોય છે. અસંતોષ વ્યક્ત કરતી હોય છે કે બહાર ગામ જાય તો કાંઈ લાવે જ નહી, એમને ઓ કાંઈ આવડે જ નહી. જો ભૂલ ચૂકે કંઈ લઈ આવે અને જો પેકેટ ખોલે તો સૌથી પહેલું રિએક્શન...ગ્રીન...હું ક્યાં ગ્રીન પહેરૂ છું. એક ક્ષણે તો આનંદ લઈ લો, તમને યાદ કર્યા એ બહું અગત્યનું છે, તેમના વ્યસ્ત કાર્યક્રમમાં પણ સમય કાઢ્યો. તમારા માટે શોપીંગ કરવાનો, એનો આભાર માનો, તમને યાદ કર્યા તે અગત્યનું છે કે તમારા માટે શું લઈ આવ્યા તે ? ટેન્જિબલ થીંગ અગત્યનું છે ? ખરૂ જુવો તો આપણે અહિંયા જ ગૂંચવાયા છીએ.

ગુજરાતી સ્ત્રીને અવિનાશ વ્યાસે કેટલી સુંદર અભિવ્યક્તિ આપી છે. "છૈલા જી..રે પાટણ થી પટોળા મોંઘા લાવજો...." સસ્તું નહી ઉપાડી આવતા, અને ... જો ખરેખર મોંઘુ લાવે તો કહે "તમે છેતરાયા, આના આટલા બધાં પૈસા અપાતા હશે ?" તમને તો ભઈ સાહબ લેતા જ નથી આવડતું. હવે તમે જ કહો કે આમ જવું કે આમ જવું. આ વાત પર કેટલી વાર ઝઘડ્યા પણ હઈશું, આવું એમ નહી માની લેતા કે પતિ-પત્ની વચ્ચે જ બનતું હોય છે. સુખી થવું એ દરેકનાં હાથમાં છે. મારૂ સુઃખ મારા સિવાય કોઈ જ આવી ન શકે.

કાજલ ઓઝા વૈદ્યની એક નવલકથા છે "એક સાંજના સરનામે" તેમા એક છોકરો હોય છે, તે છોકરીનાં માં-બાપને મળવા આવે છે. છોકરીની માં છોકરાને પૂછે છે. "તૂં એને સુખી કરીશને ?" ત્યારે છોકરો કહે છે, કે હું તેને સગવડ આપીશ, સલામતી આપીશ, હું તેને માટે સંપત્તી ભેગી કરીશ, હું તેને સ્નેહ આપીશ, પણ સુખી તો તેને જાતે જ થવું પડશે... આપણે બધા જ... બીજા પાસે સ્નેહની આશા રાખતા થઈ ગયા છીએ, સ્નેહ બીજા પાસેથી ન મળતા આપણે દુઃખી થવા લાગ્યા છીએ.

બહું જ સરળ, સાદી, સીધી વાત એ છે કે સ્નેહ

નીડરતા અનેક ગુણોમાંનો એક મહત્ત્વનો ગુણ છે.

આપવો સ્નેહ પામવો, પ્રસન્ન રહેવું અને પ્રસન્ન રાખવા, સુખી થવું અને સુખી રાખવા, સારું બોલવું અને સારું સાંભળવું, સન્માન આપવું અને સન્માન પામવું એ આપણા હાથમાં છે. ખરૂ કહું તો આજે આપણે આપણાં જીવનમાં પ્રેમથી વાતચીત કરવાને બદલે દલીલ કરતા થઈ ગયા છીએ. તેથી એક બીજાને સમજી શકતા નથી. અને દુ:ખી વધુ થઈ રહ્યા છીએ. સ્નેહ, પ્રેમની જગ્યાએ પોતાના અહંને પોષતાં થઈ ગયા છીએ. જે ઘરમાં, જે સંબંધોમાં, પ્રેમથી સંવાદ છે, કમ્યુનિકેશન છે, ત્યાં કદી વિવાદ નથી થતો, કારણ કે વાત સરળતાથી થઈ જાય છે જે કહેવું છે તે કહી દેવાય છે, પછી વિવાદની જગ્યા નથી.

આ છે સ્નેહ, પ્રેમની શક્તિ. મારા વક્તવ્યનાં અંતમાં હું એટલું જ કહીશ કે,

"જિંદગી એક સફર હૈ સુહાના,
યહાઁ કલ ક્યા હો કિસને જાના।"

તો પછી આ જિંદગીના સુહાના સફરમાં આપણે એકબીજાનો હાથ પકડીને સ્નેહ, પ્રેમના વરસતા વરસાદમાં ભીંજાઈને આનંદ કેમ ન માણી લઈએ ?

"નમસ્તે.... ધન્યવાદ."

પૂર્વા એ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. પૂર્વાના વક્તવ્ય વચ્ચે તો ઘણીવાર તાળીઓ પડી હતી. પરંતુ તેના વક્તવ્ય ખતમ થાતા જ હૉલ જોરદાર તાળીઓથી ગૂંજી ઉઠ્યો. પરિણામ જાહેર થવાની ઘોષણા થઈ. પરિણામ ત્રીજા નંબરથી શરૂ થયું. ત્રીજું, બીજું પરિણામ જાહેર થયું ઈનામ અપાયા. પ્રેક્ષકોની આતુરતા વધી. પહેલું ઈનામ કોને જાશે ? કારણ કે તેમાં ત્રણ જણાં વચ્ચે રસ્સાકસી હતી. હોલમાં પીનડ્રોપ સાઈલેન્સ હતી. ઉદ્ઘોષક બોલ્યા "વડીલો, મિત્રો આ શાંતિ કેવી અકળાવે છે ? હું આ શાંતિને ભંગ કરતા, તમને જણાવવા માગું છું. કે આજના આ વક્તવ્ય સ્પર્ધાના પ્રથમ વિજેતા છે. મિસ પૂર્વા જોશી હું તેમને આમંત્રણ આપું છું કે સ્ટેજ ઉપર આવે. હૉલ તાળીઓના ગડગડાટ સાથે પૂર્વા...પૂર્વા...પૂર્વા...ના નામથી ગૂંજી ઉઠ્યો. પૂર્વા પોતાની બેઠક ઉપરથી ઊભી થઈ. દાદા બેઠા હતા ત્યાં ગઈ. દાદાને પગે લાગી અને દાદાએ બથભરી તેના કપાળે સ્નેહનું મીઠુ ચુંબન કર્યું, પીઠ થાબડી અને પૂર્વાને સ્ટેજ ઉપર ગઈ. ગુજરાતી ફિલ્મનાં જગતનાં મહાન કલાકાર શ્રી અરવિંદ ત્રિવેદી જે આજના ખાસ મહેમાન હતા, તેમના હાથે પ્રથમ વિજેતાનું ઈનામ લીધું. તેમને પગે લાગી. અને સ્ટેજ છોડવા વળી. શ્રી અરવિંદ ત્રિવેદીએ માઈક હાથમાં લીધું ને બોલ્યા "બેટા એક મિનિટ" પૂર્વા તેમની નજદીક ગઈ. શ્રી અરવિંદ ત્રિવેદીએ બોલ્યા" તમારો વધારે સમય ન બગાડતા. હું આ દીકરી માટે બે શબ્દો કહેવા માંગું છું તેમણે શરૂઆત અને અંત બહું જ સુંદર કર્યો છે. નિર્ભય બની બોલવાનું, શબ્દોનો ચડાવ ઉતાર અને બોલતી વખતે તેની બોડી લેંગ્વેજે તો મને વિચારતા કરી દીધો... તેમનામાં રહેલ પ્રતિભા ગજબની છે. મારા આશીર્વાદ છે બેટા, તમારૂ નામ ગુજરાતમાં ગાજશે" પૂર્વા પાછી પગે લાગી સ્ટેજ પરથી નીચે આવી. પ્રોગ્રામ સમાપ્ત થયો.

પૂર્વાના પહેલા દાદા પોતાની કારમાં ઘરે આવી ગયા હતા. દાદાનો હરખ માતો નહોતો ખૂબ આનંદમાં હતા. પૂર્વાએ આવી દાદાને પ્રથમ સવાલ કર્યો કે દાદા...મેં બોલવામાં ક્યાં ક્યાં ભૂલ કરી તે જણાવો" દાદા બોલ્યા ક્યાંય નહી, બહુ જ સુંદર...મારે જે કહેવાનું હતું તે તો અરવિંદ ત્રિવેદી બોલી ગયા" ખરેખર ? હા બેટા ખરેખર. તો હો જાય ચાય કી એક ચૂસકી દાદા પણ સ્ટાઈલથી બોલ્યા" હો જાને દો ....

•

વાણી અને પાણીનો જરૂર જેટલો જ ઉપયોગ કરવો જોઈએ.

"આપણે વડીલ થતાં શીખીએ" "વર્તમાનમાં જીવીએ" - લે. કશ્યપ ચંદુલાલ દલાલ

– શ્રી સોનલબેન ગીડા
શિક્ષિકા
(ઉ.મા.વિભાગ)

મે ૨૦૨૨ : અંક-૮૨

ઘણી વખત આપણે આપણી ભૂતકાળની વાતો કે પ્રસંગોથી દુ:ખી થતા હોઈએ છીએ અથવા તો ભવિષ્યની ચિંતા કરતા હોઈએ છીએ, પરંતુ આ બધી બાબતોમાં આપણે આપણા વર્તમાનને માણી શકતા નથી અને તેને પણ બરબાદ કરી બેસીએ છીએ. આ પુસ્તકમાં આ બાબતને લેખકે સારી રીતે વર્ણવી છે. લેખક કહે છે કે આપણે બને ત્યાં સુધી ભૂતકાળમાં આપણને ન ગમતા હોય તેવા અનેક પ્રસંગો બન્યા હોય જો એવા પ્રસંગોને ભૂલી નહી જઈએ તો જીંદગી આખી તે આપણને કોરી કાઢશે. ભૂતકાળનો ભોરિંગ ભયંકર રીતે આપણા મનનો ભરડો લેશે. આપણે હંમેશા યાદ રાખીશું કે ભૂતકાળને ભૂલી જવામાં જ મજા છે. જોકે એનો અર્થ એ નથી કે આપણે ભૂતકાળને છેક જ ભૂલી જવાનો છે. કારણકે ભૂતકાળમાં થયેલા અનુભવોથી જ આપણે ઘડાવાના છીએ અનુભવ સૌથી મોટો ગુરૂ છે, અને મિત્ર છે. પણ ભૂતકાળના કડવા પ્રસંગો જે આપણા વર્તમાનને રામબાણ બનાવે છે. જો કે વર્તમાનમાં જીવતાં જીવતાં પણ આપણે ભવિષ્યને મગજમાં રાખીશું જ. જો ભવિષ્યની દરકાર નહી કરીએ તો પસ્તાવાનો વારો આવશે. ટૂંકમાં આપણે આપણા કટૂ ભૂતકાળને ભૂલી જઈશું અને ભવિષ્યને મગજમાં રાખીને વર્તમાનમાં જીવીશું.

લેખકે આ વાત સમજાવવા એક સરસ ઉદાહરણ આપ્યું છે. ૫૦ વર્ષનો દિપક નીચલા મધ્યમવર્ગના દિપકે અનેક દુ:ખો અનુભવ્યા બધા ભાઈ-બહેનોમાં સૌથી મોટા દિપકે માત્ર ૧૨ વર્ષમાં મા અને બાપ બંનેને ખોયા. આખા કુટુંબની સઘળી જવાબદારી તેના માથે આવી પડી. છઠ્ઠા ધોરણથી જ નિશાળ છોડવી પડી. આછી પાતળી નોકરી કરી, નાના ભાઈ-બહેનોને ભણાવી, પરણાવી ઠેકાણે પાડ્યા. પોતે આજીવન કુવાંરા રહ્યા. નાના ભાઈઓ ભારે સ્વાર્થી નીકળ્યાં પોત પોતાના કુટુંબ સાથે જુદા રહેવા જતાં રહ્યાં. હવે ૫૦ વર્ષની ઉંમરે દિપક એકલો પડી ગયો. બચત તો કશી કરી જ નહોતો શક્યો. ભવિષ્યમાં આવી પડવાની સંભવિત નાની મોટી માંદગીના ખર્ચા કેવી રીતે કરી શકશે તેવા વિચારોથી ભયભીત બની ગયો. વિચારોના અતિરેકથી અર્ધપાગલ જેવો થઈ ગયો. ભલા પાડોશી વિશ્વાસભાઈએ સ્વામી નિલેશ્વરાનંદજી સાથે તેનો મેળાપ કરાવ્યો. સ્વામીજી એ તેને કડવો ભૂતકાળ ભૂલી જઈ તથા સંભવિત ખરાબ ભવિષ્યનો ભય મનમાંથી કાઢી નાની, વર્તમાનમાં જીવવાની સોનેરી શીખ આપી સ્વામીજીની સમજાવટથી ધીરે ધીરે દિપક વર્તમાનમાંથી આનંદ મેળવવાનું શીખી ગયો.

Let us forget our bitter past and live in the present keeping future in the mind.

જીવનમાં ખુશી આવે તો મીઠાઈ સમજીને ચાખી લેજો, અને દુ:ખ આવે તો એને દવા સમજીને ખાઈ લેજો.

હીરામણિ સ્કૂલ / હોસ્ટેલ

(અંગ્રેજી / ગુજરાતી માધ્યમ)

નિરમા યુનિવર્સિટી સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧.
ફોન : (૦૨૭૧૭) ૨૪૨૫૦૫, ૨૪૨૬૦૬
હૉસ્ટેલ : ૨૪૧૧૨૪

સ્કૂલ બસની વ્યવસ્થા

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રવેશ ઉપલબ્ધ.

★ નર્સરી અને જુનિ. કે.જી. (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ)
★ સિનિયર કે.જી. (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ)
★ ધો.૧ થી ૭ (ગુજરાતી માધ્યમ)
★ ધો.૧૧-૧૨ (સાયન્સ-કોમર્સ) (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ)

હીરામણિ હૉસ્ટેલ (બોયઝ)

★ ધોરણ ૨ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉપલબ્ધ
★ નિરમા યુનિવર્સિટીમાં વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હીરામણિ હૉસ્ટેલમાં રહેવા માટે અલગ બિલ્ડિંગની વ્યવસ્થા

૨૪ કલાક ડોક્ટર, લોન્ડ્રીની તથા કેન્ટિનમાં
ગુજરાતી, પંજાબી, સાઉથ ઈન્ડિયન ભોજનની વ્યવસ્થા

: એડમિશન માટે કાર્યાલયનો સંપર્ક :

સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦
રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય

સાચું તો દરેકને સમજાતું હોય છે, પણ અફસોસનની વાત એ છે કે સાચા સમયે સમજાતુ નથી.

Parul™ University

12000+

STUDENTS PLACED

in 650+ COMPANIES

Awarded as
THE BEST UNIVERSITY
IN PLACEMENTS

ET NOW | RISE WITH INDIA
MODI AWARDS 2018

Fully Funded Exchange Programs with European Universities under **Erasmus+** Scholarships

110+ Teachers from **NITs** and **IITs**

Highest Package
18 Lac

datalog.ai

Engineering
Management
Pharmacy
Applied Sciences
IT & Computer Science
Architecture
Design | Fine Arts
Agriculture | Social work
Law | Arts | Library Science
Ayurveda | Homoeopathy
Commerce | Physiotherapy
Hotel Management & Catering Technology
Paramedical & Health Sciences | Nursing
Medicine

Parul University
P.O.Limda, Ta. Waghodia – 391760, Dist. Vadodara, Gujarat (INDIA)
admissions@paruluniversity.ac.in
Toll Free No. : 1800-123-1104
www.paruluniversity.ac.in

Leela-Usha Mahila Utkarsha Trust

31, Master Mill Soca., Panwadi, Bhavnagar.

"Women empowerment by Education"

ISO 9001 : 2008 Certified Trust

WILSON PRINTCITY PVT. LTD. | Pragra Infratech Pvt. Ltd. | Ready4JOB | Samarth

Visual Adds

Web Offset

Books

Offset

Educational Books

WILSON PRINTCITY PVT. LTD.

Plot No. 85-93, Ajanta Ind. Estate, Sanand, Ahmedabad-382210

Phone : 02717 - 294530 - 294540 • E-mail : wilsonpress@hotmail.com

SINCE 1988

ગજરા

વિપુલ દુધીયા ®

ફ્રેશ ફ્રુટ-ડ્રાય ફ્રુટ મઠાની વિશાળ રેન્જ
બદામ પીસ્તા કેસરથી ભરપુર બાસુંદી,
મીઠાઈઓ તથા કેરીનો રસ તો
વિપુલનો જ...

નવનીધી કોમ્પલેક્ષ, સ્ટેડીયમ પાંચ રસ્તા,
નવરંગપુરા, અમદાવાદ-૯.
ફોન : ૨૬૪૬૧૯૫૫-૨૬૪૪૭૨૪૬

E-mail : vipuldudhia@gmail.com

Precision | Dedication | Organization

RUTVIK
ENGINEERING PVT. LTD.

Civil | Electrical | Mechanical

Engineering Turnkey
Project Works

JAS-ANZ IAF IQC NABCB

An ISO 9001 : 2008
An ISO 14001 : 2004
OHSAS 18001 : 2007
Electrical, Mechanical & Civil Turnkey Project vendor

Govt. of Gujarat Approved 'A' Class Pvt. Ltd. Company.

HEAD OFFICE :
12, KAMDHENU COMPLEX, NR. POLYTECHNIC CROSS ROAD,
OPP. SAHAJANAND COLLEGE, AMBAWADI, AHMEDABAD - 380 015
(GUJARAT, INDIA)
Tele : 079 – 26301306 / Mobile: +919824030144 / +919824085144.
